સંક્ષિપ્ત સમાચાર

સોનગઢ નગરમાં રસ્તાના કામમાં વેઠ, એક મહિનામાં જ ગાબડું પડ્યું

સોનગઢ: સોનગઢ નગરપાલિકા વિસ્તારમાં લાખો રૂપિયાના ખર્ચે વિકાસના નામે કરવામાં આવેલા ડામરીકરણનાં કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને કામની હલકી ગુણવત્તાના ગંભીર આક્ષેપો ઊઠ્યા છે. તાજેતરમાં જ લાખોના ખર્ચે નિર્મિત પીપળ ફળિયાથી સિંગપુરને જોડતો રસ્તો માત્ર એક જ મહિનામાં ઊખડવા લાગતાં તકલાદી સાબિત થઇ રહ્યો છે. આ રસ્તો હજુ એક મહિનો પહેલા જ બનાવવામાં આવ્યો હતો. જો કે, કામમાં માત્ર 'વેઠ' ઉતારવામાં આવી હોય તેમ રસ્તાની સપાટી અત્યારથી જ ઊખડવા માંડી છે. સ્થાનિકોના જણાવ્યાનુસાર ડામરનું પડ એટલું પાતળું અને નબળું છે કે એક જ વરસાદમાં ધોવાઈ જશે. જેનાથી સ્પષ્ટ થાય છે કે આ કામ પાછળ ખર્ચાયેલા લાખો રૂપિયા પાણીમાં જ જશે.

કામરેજના નવાગામમાં હિટાચીના સ્પેર પાર્ટસની દુકાનમાંથી ચોરી

કામરેજ: મૂળ દેવભૂમિ દ્વારકા અને હાલ કામરેજના નવાગામની શિવનગર સોસાયટીમાં મકાન નં.1માં કિશન ભીમશી ગોજીયા રહીને ઉદ્યોગનગર નજીક વૃંદાવન એન્ટરપ્રાઇઝ હિટાચીના કંપનીના સ્પેર પાર્ટસનો હોલસેલનો વેપાર કરે છે. ત્રણ દિવસ અગાઉ રાત્રિના 8.30 દુકાનો બંધ કરી ઘરે જતા રહ્યા હતા. બીજા દિવસે દુકાન ખોલતાં હિટાચી કંપનીના સ્પેર પાર્ટસ ન મળતાં સીસીટીવી કેમેરા ચેક કરતાં કોઈ અજાણ્યો 75000 હબની ચોરી કરી નાસી છૂટ્યો હતો. જે અંગે કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. દુકાનમાં લગાવેલા સીસીટીવીમાં ત્રણ ઈસમ કેદ થયા હતા.

કામરેજમાં બે સંતાનની માતાનો આપઘાત

કામરેજ: કામરેજની આસોપાલવ સોસાયટીમાં રહેતી બે સંતાની માતા સોમીબેન લક્ષ્મણભાઈ ગઢવી (ઉ.વ.૩૮)એ મગજની બીમારીથી કંટાળી અનાજમાં નાંખવાની દવા પી લેતાં તેનું મોત નીપજ્યું છે. ગત મોડી રાત્રે તબિયત લથડતાં તેને સુરતની ખાનગી હોસ્પિટલ ખસેડાઇ હતી, જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું નિધન થયું હતું. કામરેજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કામરેજમાં 7 વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો

પલસાણ: સુરત એસઓજીએ બાતમીના આધારે કામરેજના ધોરણ પારડી રાજ હોટલની સામે અમદાવાદથી મુંબઈ જતાં રોડ પરથી સંદીપ શાંતુભાઈ વસાવા (ઉ.વ.38) (રહે., મંદિર ફળિયું, લીંડિયાત, તા.માંગરોળ)ની ધરપકડ કરી છે. સંદીપ 2018માં કામરેજ પોલીસ મથકમાં નોંધાયેલા ગુનામાં વોન્ટેડ હતો. પોલીસે તેની ધરપકડ કરી કામરેજ પોલીસને તેનો કબજો સોંપ્યો હતો.

નરથાણમાં દારૂ સાથે સુરતનો શખ્સ ઝડપાયો

સાયણ: ઓલપાડ પોલીસે બાતમીના આધારે નરથાણના નવાપરામાં દરોડો પાડી વિદેશી દારૂના છૂટક વેપાર સાથે સંકળાયેલા બાબુ શિવાભાઇ પટેલ (રહે.,જહાંગીરપુરા, સુરત)ને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી ₹૨૩,૩૮૦ની કિંમતની ૩૬ નંગ દારૂની બોટલો જપ્ત કરી હતી. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ જથ્થો લવાછા ગામના મુકેશ ઉર્ફે મુન્ના ચંપક પટેલે સપ્લાય કર્યો હતો. પોલીસે મુકેશને વોન્ટેડ જાહેર કરી બંને વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

લીમોદરા ગામમાં દારૂ સાથે બે ઝડપાયા

હથોડા: પાલોદ પોલીસને બાતમી મળી હતી કે, લીમોદરામાં બુટલેગર કિશન પ્રવીણ પટેલ જાહેરમાં ઈંગ્લિશ દારૂનું વેચાણ કરી રહ્યો છે. જેથી પોલીસે રેડ કરતાં બુટલેગર કિશન અને પ્રવીણ નટવર પટેલને દારૂ સહિત 8 હજારના મુદ્દામાલ સાથે ઝડપી કાર્યવાહી હાથ ધરી છે.

બારડોલીમાં પિતા સાથે ઝઘડો કરી યુવાન ગુમ

બારડોલી: બારડોલી પોલીસ લાઇન સામે આવેલા ત્રિમૂર્તિ એપાર્ટમેન્ટના પહેલા માળે રહેતા ૨૭ વર્ષીય પ્રદિપભાઇ નવલકિશોર અગ્રવાલને તેમના પિતા સાથે વતનના મકાન વેચવા બાબતે બોલાચાલી થઈ હતી. પ્રદીપ મકાન વેચવા માંગતો હતો, પરંતુ પિતાએ ના પાડતાં મામલો બિચક્યો હતો. ગત ૮ એપ્રિલની રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યે પિતા સાથે ઉગ્ર ઝઘડો કર્યા બાદ પ્રદીપ ગુસ્સામાં આવી ઘરેથી ક્યાંક ચાલ્યો ગયો હતો.

ઉમરપાડાના ઉમરગોટમાં યુવકે ફાંસો ખાધો

વાંકલ: ઉમરપાડાના ઉમરગોટના કદવાલી ફળિયામાં રહેતા નિલેશ મધુકર વસાવા (ઉ.વ.36)એ ધાણાવડમાં કરમસીંગ વસાવાની ખેતરની ઝૂંપડીમાં મફલર વડે ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતું. આ અંગે મધુકર વસાવાએ ઉમરપાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

માંડવીના સિંધી સમાજના અગ્રણી પુરણમલ સુખવાણીનું ૯૦ વર્ષની વયે અવસાન

માંડવી: માંડવી નગરના સિંધી સમાજના અગ્રણી અને જાણીતા સમાજસેવી પુરણમલ સુંદરલાલ સુખવાણીનું ગત તા.10 એપ્રિલના રોજ તેમના નિવાસ સ્થાને ટૂંકી માંદગી બાદ 90 વર્ષની વયે નિધન થયું છે. સદગત પુરણમલભાઈ છેલ્લા ઘણા દાયકાઓથી સામાજિક અને વ્યાપારી ક્ષેત્રે અત્યંત સક્રિય રહ્યા હતા. તેમણે માંડવી હીરા-જ્વેલર્સ એસોસિએશનના પ્રમુખ તરીકે લાંબા સમય સુધી સેવાઓ આપી હતી. માંડવી નગરના સિનિયર સિટિઝન મંડળના ખજાનચી તરીકે પણ સેવાઓ બજાવી ચૂક્યા હતા. તેમની અંતિમ યાત્રામાં માંડવી નગરના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, સગાસંબંધીઓ અને મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

માંડવીના ગામતળાવ બુજરંગમાં દીપડાનો આતંક

હિતેશ પટેલ

માંડવી: માંડવીના ગામતળાવ બુજરંગ વિસ્તારમાં ગત મોડી રાત્રે દિગ્વિજય ડુમસિયાના નિવાસ સ્થાન પાસે દીપડાનું બચ્ચું CCTV કેમેરામાં કેદ થતાં ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો છે. રહેણાક વિસ્તારમાં હિંસક પ્રાણીની હિલચાલને પગલે માનવ-વન્યજીવ સંઘર્ષનો ખતરો વધ્યો છે. અગાઉ પણ અહીં વાછરડાનું મારણ થવાની ઘટના બની હતી. બચ્ચાની હાજરીથી આસપાસ માદા દીપડો હોવાની શક્યતાને જોતા લોકોએ રાત્રે બહાર નીકળવાનું ટાળ્યું છે. હાલ ગ્રામજનો દ્વારા વન વિભાગ સઘન નાઈટ પેટ્રોલિંગ કરે અને તાત્કાલિક પાંજરું ગોઠવી દીપડાને પકડી પાડે તેવી ઉગ્ર માંગ કરી રહ્યા છે.

ભરૂચ જિલ્લાના દરિયા કિનારે કાચબાનું અસ્તિત્વ લુપ્ત થશે!

દરિયાઈ કાચબા પર સંકટ: 100 કિમી વિસ્તારમાં નિકંદન

WWF સંસ્થાએ કાચબાની સાત પ્રજાતિ લુપ્ત થવાના લિસ્ટમાં મૂકી છે

ભરૂચ: હાંસોટ તાલુકાથી લઈ જંબુસર સુધીના આશરે 100 કિલોમીટરના દરિયાઈ વિસ્તારમાં પ્રદૂષિત પાણી અને માનવ અવરજવરને કારણે દરિયાઈ કાચબાનું અસ્તિત્વ ગંભીર રીતે જોખમાઈ ગયું છે. અરબી સમુદ્રના કાંઠા વિસ્તારમાં ઔદ્યોગિક એકમોનાં પ્રદૂષિત પાણી અને મોટાં શહેરોના કચરાના વિસર્જનથી દરિયાઈ પટ્ટીમાં કાચબાઓની પ્રજનનક્ષમતા પર માઠી અસર પડી રહી છે. વિશ્વ વન્યજીવ કોષ (WWF) સંસ્થાએ તો દરિયાઈ કાચબાની સાતેય પ્રજાતિઓને લુપ્ત થવાની યાદીમાં મૂકી દીધી છે. ગુજરાતની 1600 કિલોમીટર લાંબી દરિયાઈ જીવસૃષ્ટિ અને કાચબાને બચાવવા સરકાર તરફથી સમયસર પગલાં ન લેવાયા તો આવનારા વર્ષોમાં ભરૂચનો દરિયાકાંઠો કાચબા વિહોણો બની શકે છે.

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર અહીં સામાન્ય રીતે જોવા મળતી ગ્રીન સી ટર્ટલ પ્રજાતિ બારે મહિના ઈંડાં મૂકે છે, પરંતુ ઋતુચક્રમાં વિક્ષેપ, મોજાના કારણે રેતી ધોવાઈ જવાથી ઈંડાં દરિયામાં તણાઈ જાય છે. ઉપરાંત દરિયાકિનારે રેતીમાફિયાઓનું ખોદકામ અને માનવ અવરજવર વધતાં કાચબાનાં ઈંડાં સુરક્ષિત નથી રહેતાં. કાયદા મુજબ દરિયાકાંઠે 500 મીટર સુધી ખોદકામ અટકાવી શકાય છે, પરંતુ વ્યવહારમાં તે શક્ય ન બનતાં જીવસૃષ્ટિને ભારે નુકસાન થઈ રહ્યું છે. પર્યાવરણવાદીઓએ તાત્કાલિક અસરકારક પગલાં, ઔદ્યોગિક પ્રદૂષણ પર નિયંત્રણ અને દરિયાકાંઠાના સંવેદનશીલ વિસ્તારોમાં માનવ હસ્તક્ષેપ ઘટાડવાની માંગ કરી છે. નહીંતર, ભરૂચનો દરિયા કાંઠો દરિયાઈ કાચબા માટે કબ્રસ્તાન સાબિત થશે.

ઈંડાં મૂકવાની સિઝનમાં પ્રતિબંધની ખાસ જરૂર

ઔદ્યોગિક પાટનગર તરીકે ઓળખાતા ભરૂચ જિલ્લામાં સેંકડો ઉદ્યોગોના પ્રદૂષિત પાણી અને કચરાના સીધા દરિયામાં વિસર્જનને કારણે દરિયાઇ કાચબાઓના અસ્તિત્વ પર ગંભીર સંકટ ઊભું થયું છે. દરિયાના પાણીમાં ઔદ્યોગિક કચરો અને ડોહળા (કેમિકલ યુક્ત) પાણી મળતાં કાચબાનો મુખ્ય ખોરાક 'શેવાળ' બનતો અટકી ગયો છે. ગુજરાતના ભરૂચ જિલ્લા સામે આવેલા ભાવનગરના દરિયા કાંઠે કાચબા ઘાસ ખાવા જાય છે, જ્યારે ઈંડાં મૂકવા માટે હાંસોટ અને દહેજના દરિયા કિનારાનો ઉપયોગ કરે છે. ઈંડાં મૂકવાની સિઝનમાં પણ હાંસોટ અને દહેજમાં માનવ અવરજવર, વાહનોનો ઘસારો અને પ્રકાશના કારણે કાચબાઓને સુરક્ષિત વાતાવરણ મળી શકતું નથી. તાત્કાલિક અસરથી ઈંડાં મૂકવાની સિઝન દરમિયાન દરિયા કાંઠાના વિસ્તારોમાં માનવ અવરજવર, લાઈટિંગ અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવો જોઈએ. નહીંતર આવનારી પેઢીઓ આ દરિયાઈ સરિસૃપને ફક્ત તસવીરોમાં જ જોઈ શકશે.

ભરૂચ પાલિકાના પૂર્વ પ્રમુખનું ભાજપમાંથી રાજીનામું

ભરૂચ: ભરૂચ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ જિગ્નેશ બ્રહ્મભટ્ટે ભાજપમાંથી અચાનક રાજીનામું આપી સ્થાનિક રાજકારણમાં ચકચાર મચાવી દીધી છે. આગામી ચૂંટણીઓ વચ્ચે પૂર્વ પ્રમુખના આ નિર્ણયથી રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. રાજીનામા બાદ જિગ્નેશ બ્રહ્મભટ્ટે પાર્ટી છોડવા પાછળ પાયાના કાર્યકરોની અવગણનાને મુખ્ય કારણ ગણાવ્યું છે. તેમણે આક્ષેપ કર્યો કે, છેલ્લા ઘણા સમયથી ભરૂચ જિલ્લાના સંગઠનમાં હુંસાતુંસી વધી રહી છે. પાર્ટીમાં લાંબા સમયથી સેવા આપતા કાર્યકરોને યોગ્ય સ્થાન અને માન-સન્માન આપવામાં આવતું નથી. તેમણે કહ્યું, "સંગઠનમાં નિર્ણયો લેતી વખતે ગ્રાસ રૂટ લેવલના કાર્યકરોના અવાજને અવગણવામાં આવે છે, જેના કારણે અસંતોષ વધી ગયો છે અને બ્રહ્મભટ્ટે શુક્રવારે જ કોંગ્રેસમાં પ્રવેશ મેળવી લીધો છે.

મોતિયા ગામમાં દેશી દારૂના અડ્ડા પર પોલીસનો દરોડો

નેત્રંગ: નેત્રંગ પોલીસે બાતમીના આધારે મોતિયા ગામના નિશાળ ફળિયામાં દરોડો પાડી અમિત વસાવાને ૨૨૫૦ની કિંમતના ઇંગ્લિશ દારૂના ૧૩ નંગ સાથે ઝડપી પાડ્યો હતો. પૂછપરછમાં દારૂનો જથ્થો કંબોડિયાના મહેન્દ્ર ઉર્ફે મુકા માલીએ સપ્લાય કર્યો હોવાનું ખૂલતાં પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે. પોલીસે બંને વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

કીમ અને કઠોદરામાં DGVCLના દરોડા: ૪ લાખથી વધુનો દંડ

વહેલી સવારે વિજિલન્સ ટીમના દરોડાથી ગામમાં ફફડાટ

કીમ: કીમ નજીક આવેલા કઠોદરા ગામમાં શુક્રવારે વહેલી સવારે દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા વિજિલન્સ રેડ હાથ ધરવામાં આવી હતી. આ અચાનક થયેલી કાર્યવાહીથી સમગ્ર ગામમાં હડકંપ મચી ગયો હતો.

મળતી માહિતી મુજબ વીજ વિભાગને લાંબા સમયથી કઠોદરા ગામમાં વીજ ચોરી અંગે શંકા હતી. જેના આધારે શુક્રવારે વહેલી સવારે ટીમ દ્વારા અલગ-અલગ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરાયું હતું. આ દરમિયાન કુલ 9 ઘરમાં વીજ ચોરી થતી હોવાની હકીકત સામે આવી હતી. ટીમે સ્થળ પર જ પુરાવા એકત્રિત કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. DGVCLના અધિકારીઓએ જણાવ્યું હતું કે પકડાયેલા તમામ લોકો સામે દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે અને નિયમ મુજબ દંડ વસૂલ કરવામાં આવશે. આ રેડ બાદ ગામમાં વીજ ચોરોમાં ફફડાટ ફેલાયો ગયો હતો. વીજચોરી કરતા પકડાયેલા ૯ કેસ સામે ૪ લાખથી વધુનો વીજચોરીનો દંડ કરવામાં આવ્યો હતો.

રાજપુર ગામમાં દીપડાએ ગાય ઉપર હુમલો કર્યો

કુકરમુંડા: કુકરમુંડાના રાજપુર ગામના વતની લક્ષ્મણ નીમજી વળવીના ખેતરમાં દીપડાના હુમલાની ઘટના સામે આવી છે. માહિતી મુજબ તેમનું ખેતર તુલસા ગામની સીમમાં સરવે નં.34માં આવેલું છે. અહીં દીપડાએ ગાય પર ગળાના ભાગે હુમલો કર્યો હતો. જો કે, સદનસીબે ગાયનો બચાવ થઈ ગયો હતો, પરંતુ આ બનાવને કારણે આસપાસના ખેડૂત અને ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો છે. ગ્રામજનોનું કહેવું છે કે, છેલ્લા કેટલાક સમયથી આ વિસ્તારમાં દીપડાની હલચલ જોવા મળી રહી છે, જેના કારણે પશુધન અને લોકોની સુરક્ષા અંગે ચિંતા વધી છે. તેથી ગ્રામજનો દ્વારા વન વિભાગને તાત્કાલિક પગલાં લઈ દીપડાને પકડવા માટે પાંજરું મૂકવાની માંગ કરવામાં આવી છે.

કામરેજમાં વોન્ટેડ આરોપી ઝડપાયો

પલસાણા: સુરત એસઓજીએ બાતમીના આધારે પોલીસે કામરેજ ચાર રસ્તાથી વાવ જતાં રોડ પરથી કાર્તિક નટવરભાઈ વાંસફોડા (રહે., ભૂરી ફળિયું, અંત્રોલી, તા. પલસાણા) ની ધરપકડ કરી હતી. આ આરોપી કામરેજ પોલીસ મથકમાં વર્ષ-2025માં નોંધાયેલી મારામારી અને એટ્રોસિટીના ગુનામાં વોન્ટેડ હતો.

અંકલેશ્વરમાં ભાગવત સપ્તાહ અંતર્ગત આખ્યાન

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ ડાયમંડ ચિલ્ડ્રન થિયેટર ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ અંતર્ગત માણભટ્ટ આખ્યાનનું ભવ્ય આયોજન કરાયું હતું. જે અંતર્ગત કથાકાર અનિલભાઈ શાસ્ત્રીએ કથાનું રસપાન કરાવ્યું હતું.

અંકલેશ્વરમાં મોબાઈલ ખરીદીના બહાને ઠગાઈ કરનાર ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં ઓનલાઈન મોબાઈલ વેચાણના બહાને એક યુવાન સાથે રૂ.૫૩ હજારની છેતરપીંડીના ગુનામાં સંડોવાયેલ આરોપીની પોલીસે સુરત ખાતેથી અટકાયત કરી હતી.

તાજેતરમાં સુરતના મોટા વરાછા વિસ્તારના રહેવાસી અવિ મુકેશભાઈ કુરજીભાઈ ખેનીએ પોતાનો મોબાઈલ વેચવા ઓનલાઇન એપ પર જાહેરાત મૂકી હતી. દરમિયાન અજાણ્યા શખ્સે વોટ્સએપ નંબર પરથી સંપર્ક કરી પોતાનુ નામ અમિતભાઈ જણાવ્યું હતું અને પોતે અંકલેશ્વરમાં રહેતો હોવાનુ કહી વિશ્વાસમાં લીધો હતો. આરોપીએ ફરિયાદીને કાપોદ્રા પાટિયા નજીક એપલ પ્લાઝામાં આવેલા ક્રોમા શો રૂમ ખાતે બોલાવ્યો હતો. ત્યાં પોતે સ્ટોરનો કર્મચારી હોવાનું જણાવી એપ્પલ કંપનીનો આઈફોન મોબાઈલ આપવા તથા ફરિયાદીને આઈફોનનું ઊંચું મોડેલ ખરીદવાની વાત કરી સોદો નક્કી કર્યો હતો. આરોપીએ બિલ બનાવવાનું કહી ફરિયાદી પાસેથી ગૂગલ પે મારફતે રૂ.53000 ટ્રાન્સફર કરાવી લીધા બાદ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

છેતરાયાની જાણ થતાં ફરિયાદીએ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધાવી તપાસ હાથ ધર્યા બાદ છેતરપિંડી કરનાર આરોપી અમિત ઓલપાડવાળાને સુરત ખાતેથી ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

પલસાણામાં મારામારીમાં વોન્ટેડ આરોપી ઝડપાયો

પલસાણા: સુરત જિલ્લા એસઓજીની ટીમને ખાનગી રાહે મળેલી બાતમીના આધારે પોલીસે ગુરુવારના રોજ જોળવાની સાહિબા મિલની પાસે રોડ પરથી પ્રિન્સકુમાર ઉર્ફે કાલિયા શંકરસિંગ ચંદ્રવંશી (ઉ.વ.25) (રહે.,જોળવા ગામ, બાલાજી સોસાયટી, તા.પલસાણા)ની ધરપકડ કરી હતી. પકડાયેલો આરોપી ગત મહિને નોંધયેલા મારામારીના ગુનામાં વોન્ટેડ હતો. પોલીસે તેનો કબજો પલસાણા પોલીસને સોંપી વધુ તપાસ હાથ ધરી છે.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

સુરત સીટી રીજીયન-૨ : બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭

શાખા સ્થળાંતર

ભીમપોર શાખા :-
આથી અમારા ગ્રાહકોને જણાવવાનું કે અમને ૩૦ દિવસ પછી અમારી બેંક ઓફ બરોડા, ભીમપોર **શાખા** : મોટા બજાર, ભીમપોર, સુરત ને વધુ સારી સેવા અને પર્યાપ્ત ખુલ્લી જગ્યા સાથે નવા સ્થળ પર સ્થળાંતર થઈ રહ્યું છે. જેનું **નવું સરનામું : ઘર નંબર ૧૬૮, ભીમપોર બસ સ્ટોપની સામે, સુલતાનાબાદ, ભીમપોર ગામ, તા. ચોર્યાસી, જી.સુરત -૩૯૫૫૫૦** છે.
Email ID : PE.ROSURATCITY2@BANKOFBARODA.COM/ BHIMPO@BANKOFBARODA.CO.IN

મેડિકલ કોલેજ શાખા :-
આથી અમારા ગ્રાહકોને જણાવવાનું કે અમને ૩૦ દિવસ પછી અમારી બેંક ઓફ બરોડા, મેડિકલ કોલેજ **શાખા** : કે અને એલ વોર્ડ બિલ્ડીંગ, ન્યુ સિવિલ હોસ્પિટલ કેમ્પસ, મજુરા ગેટ, સુરત -૩૯૫૦૦૧ ને વધુ સારી સેવા અને પર્યાપ્ત ખુલ્લી જગ્યા સાથે નવા સ્થળ પર સ્થળાંતર થઈ રહ્યું છે. જેનું **નવું સરનામું : એમઆઈસીયુ બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, ન્યુ સિવિલ હોસ્પિટલ કેમ્પસ, મજુરા ગેટ, સુરત -૩૯૫૦૦૧** છે.
Email ID : PE.ROSURATCITY2@BANKOFBARODA.COM/ DBMEDI@BANKOFBARODA.CO.IN

તા. ૧૧/૦૪/૨૦૨૬
સ્થળ : સુરત

અધિકૃત અધિકારી,
બેંક ઓફ બરોડા

પલસાણામાં ડિગ્રી વિના પ્રેક્ટિસ કરતો બોગસ તબીબ ઝડપાયો

સીન સેઇમ દવાખાના જેવો, પણ કમ્પાઉન્ડર તબીબ બની બેઠો હતો

પલસાણા: પલસાણાના કારેલી ગામે એસ.ઓ.જી.એ રાશી રેસિડેન્સીમાં આવેલા 'હંસ ક્લિનિક' પર દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન ક્લિનિક ચલાવનાર રીતેશ કનુભાઈ હલદર પાસે માન્ય ડિગ્રી કે ગુજરાત મેડિકલ કાઉન્સિલનું રજિસ્ટ્રેશન મળી આવ્યું નહોતું. આરોપીની પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે તેણે માત્ર બી-કોમ સુધીનો અભ્યાસ કર્યો છે. અગાઉ કડોદરા વિસ્તારના એક ક્લિનિકમાં કમ્પાઉન્ડર તરીકે બે વર્ષ નોકરી કર્યા બાદ, તે અનુભવના આધારે છેલ્લા એક વર્ષથી પોતાનું ખાનગી ક્લિનિક ચલાવી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહ્યો હતો. દરોડા દરમિયાન ક્લિનિકમાંથી સ્ટેથોસ્કોપ, બીપી માપવાનું મશીન અને વિવિધ એલોપેથીક દવાઓ સહિત કુલ રૂ.૬,૪૩૫નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. આ કામગીરીમાં ગંગાધરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો.સચિનકુમાર પટેલને સાથે રાખી કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી.

केनरा बैंक Canara Bank A Govt. of India Undertaking
सिंडिकेट Syndicate

ગિરગામ શાખા, પી.બી. નંબર 3582, પ્રાર્થના સમાજ બિલ્ડીંગ, 160, રાજા રામ મોહન રોય રોડ, ગિરગામ, મુંબઈ-400004 ઇમેઇલ: cb0204@canarabank.com

(સ્થાવર મિલકતો માટે હરાજી વેચાણ નોટિસ) વેચાણ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ, સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 (6) ની જોગવાઈ સાથે વાંચતા. આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને દેવાદાર(ઓ) અને જામીનદાર(ઓ) ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલી સ્થાવર મિલકત સિક્યોર્ડ લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલી છે, જેનો કન્સ્ટ્રક્ટીવ કબજો કેનેરા બેંકની ગિરગામ શાખાના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ 29.04.2026 ના રોજ "As is where is", "As is what is", અને "Whatever there is" ના ધોરણે કરવામાં આવશે. આ વેચાણ દેવાદાર મેસર્સ દેવનંદન ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ, તેના ડાયરેક્ટર શ્રી નાગજીભાઈ કાનજીભાઈ પટેલ અને શ્રીમતી સવિતા નાગજીભાઈ પટેલ દ્વારા, અને જામીનદાર શ્રી નાગજીભાઈ કાનજીભાઈ પટેલ, શ્રીમતી સવિતા નાગજીભાઈ પટેલ અને મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડ પાસેથી, 09.04.2026 સુધીના રૂ. 8,82,66,977.34 (રૂપિયા આઠ કરોડ બ્યાંસી લાખ છાસઠ હજાર નવસો સિત્યોતેર અને પૈસા ચોત્રીસ ફક્ત) વત્તા 01.04.2026 થી વધુ વ્યાજ અને દાવા ખર્ચ અને અન્ય ચાર્જની વસૂલાત માટે કરવામાં આવશે.

સ્થાવર મિલકતની વિગત, અનામત કિંમત અને EMD રકમ નીચે મુજબ છે: (રકમ લાખમાં)

લોટ નં.	ક્રમ નં.	મિલકતનું વર્ણન	અનામત કિંમત (રૂ.)	EMD
1	1	ઓફિસ નંબર 1A ના તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર પર, ક્ષેત્રફળ 131.80 ચોરસ ફૂટ બિલ્ટ અપ એરિયા, શ્રીજી ચેમ્બરમાં સ્થિત 'શ્રીજી આર્કેડ' તરીકે જાણીતી ઈમારતમાં, ટાટા રોડ નંબર 1 અને 2 પર સ્થિત, ગિરગામ ડિવિઝન, શંકર શેઠ રોડ, મુંબઈ, જે જમીન સી.એસ. નંબર 8/1487 પર નિર્મિત છે, ગિરગામ ડિવિઝન, મુંબઈ શહેરના રજીસ્ટ્રેશન જિલ્લા મુંબઈ શહેરમાં, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની શહેર મર્યાદામાં સ્થિત છે. જે શ્રી નાગજીભાઈ કાનજીભાઈ પટેલ અને શ્રીમતી સવિતાબેન નાગજીભાઈ પટેલના નામે છે, CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400051892628	196.00 (RP for Sr no.1, 2, & 3 in one lot)	19.60
	2	ઓફિસ નંબર 1B ના તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર પર, ક્ષેત્રફળ 131.80 ચોરસ ફૂટ બિલ્ટ અપ એરિયા, શ્રીજી ચેમ્બરમાં સ્થિત 'શ્રીજી આર્કેડ' તરીકે જાણીતી ઈમારતમાં, ટાટા રોડ નંબર 1 અને 2 પર સ્થિત, ગિરગામ ડિવિઝન, શંકર શેઠ રોડ, મુંબઈ, જે જમીન સી.એસ. નંબર 8/1487 પર નિર્મિત છે, ગિરગામ ડિવિઝન, મુંબઈ શહેરના રજીસ્ટ્રેશન જિલ્લા મુંબઈ શહેરમાં, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની શહેર મર્યાદામાં સ્થિત છે. જે મેસર્સ હેતલ ડાયમંડ્સ તેના ભાગીદાર શ્રી નાગજીભાઈ કાનજીભાઈ પટેલ દ્વારા ના નામે છે, CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400051892628		
	3	ઓફિસ નંબર 1C ના તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર પર, ક્ષેત્રફળ 131.80 ચોરસ ફૂટ બિલ્ટ અપ એરિયા, શ્રીજી ચેમ્બરમાં સ્થિત 'શ્રીજી આર્કેડ' તરીકે જાણીતી ઈમારતમાં, ટાટા રોડ નંબર 1 અને 2 પર સ્થિત, ગિરગામ ડિવિઝન, શંકર શેઠ રોડ, મુંબઈ, જે જમીન સી.એસ. નંબર 8/1487 પર નિર્મિત છે, ગિરગામ ડિવિઝન, મુંબઈ શહેરના રજીસ્ટ્રેશન જિલ્લા મુંબઈ શહેરમાં, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની શહેર મર્યાદામાં સ્થિત છે. જે શ્રી નાગજીભાઈ કાનજીભાઈ પટેલ (મેસર્સ શિલ્પા જેમ્સના ભાગીદાર) અને શ્રીમતી સવિતાબેન નાગજીભાઈ પટેલના નામે છે, CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400051892628.		
		નોંધ: ઉપર દર્શાવેલ કોમર્શિયલ ઓફિસો 1A, 1B અને 1C એકસાથે જોડાયેલી છે.		
2	4	શોપ નંબર 103 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 314.57 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 18.55 ચોરસ મીટર છે, પ્રથમ માળ પર, નીચેની જમીનમાં 6.03 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1-10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો - કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950	7.00	0.70
3	5	શોપ નંબર G-19 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 408.60 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 23.81 ચોરસ મીટર છે, ગ્રાઉન્ડ ફ્લોર પર, નીચેની જમીનમાં 7.74 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો - કામરેજ, જિલ્લો સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079557373	14.80	1.48
4	6	શોપ નંબર G-24 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 372.90 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 21.13 ચોરસ મીટર છે, ગ્રાઉન્ડ ફ્લોર પર, નીચેની જમીનમાં 6.87 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079557373	13.50	1.35
5	7	શોપ નંબર 101 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 727.60 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 43.33 ચોરસ મીટર છે, પ્રથમ માળ પર, નીચેની જમીનમાં 14.09 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1-10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો - કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950	17.50	1.75
6	8	શોપ નંબર G-25 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 372.90 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 22.32 ચોરસ મીટર છે, ગ્રાઉન્ડ ફ્લોર પર, નીચેની જમીનમાં 7.26 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079557373	13.50	1.35
7	9	શોપ નંબર G-03 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 412.48 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 23.78 ચોરસ મીટર છે, ગ્રાઉન્ડ ફ્લોર પર, નીચેની જમીનમાં 7.73 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079557373	16.50	1.65
8	10	શોપ નંબર 303 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 2265.38 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 129.69 ચોરસ મીટર છે, ત્રીજા માળ પર, નીચેની જમીનમાં 42.19 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો કામરેજ, જિલ્લો સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950	34.50	3.45
9	11	શોપ નંબર 303 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 2265.38 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 129.69 ચોરસ મીટર છે, ત્રીજા માળ પર, નીચેની જમીનમાં 42.19 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો કામરેજ, જિલ્લો સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950	23.90	2.39
10	12	શોપ નંબર 121 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 358.87 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 21.53 ચોરસ મીટર છે, પ્રથમ માળ પર, નીચેની જમીનમાં 7.00 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1-10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950	7.20	0.72
11	13	શોપ નંબર 206 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 476.65 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 28.21 ચોરસ મીટર છે, બીજા માળ પર, નીચેની જમીનમાં 9.17 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો - કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950	8.60	0.86
12	14	શોપ નંબર 122 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 358.87 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 21.13 ચોરસ મીટર છે, પ્રથમ માળ પર, નીચેની જમીનમાં 7.00 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો - કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950	7.20	0.72

અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) 29.04.2026 ના રોજ સવારે 9.30 AM પહેલા અથવા તે સમયે જમા કરાવવાની રહેશે.
મિલકતનું નિરીક્ષણ અધિકૃત અધિકારી સાથે પૂર્વ એપોઇન્ટમેન્ટ લઈને 24.04.2026 ના રોજ કેનેરા બેંક ગિરગામ શાખામાં સવારે 11.00 am થી સાંજના 4.00 pm વચ્ચે કરી શકાય છે.
બેંકની જાણકારી મુજબ ઉપરોક્ત મિલકત પર કોઈ જાણીતા બોજા (encumbrances) નથી. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે કૃપા કરીને કોમન વેબ પોર્ટલ મેસર્સ PSB Alliance (Baanknet) માં આપેલી લિંક "E-Auction" જુઓ, સંપર્ક નંબર: 8291220220, 7046612345, 6354910172, 9892219848, 8160205051, ઇમેઇલ: supportBAANKNET@psballiance.com. અથવા વેબસાઇટ https://baanknet.com/, અથવા કેનેરા બેંકની વેબસાઇટ www.canarabank.com જુઓ, અથવા કોઈપણ કામકાજના દિવસે ઓફિસ કલાકો દરમિયાન મેનેજર કેનેરા બેંક ગિરગામ શાખાનો 8169845618/ 9410316322/ 8655918379/ 8527092652 પર સંપર્ક કરી શકો છો.

સહી/-
તારીખ: 09.04.2026
સ્થળ: મુંબઈ
અધિકૃત અધિકારી,
કેનેરા બેંક